sitilink
(An Undertaking of Surat Municipal Corporation)

# પ્રેસનોટ
# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુ-બાજુ વિસ્તારમાં BRTS અને સીટી બસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. ભારતના સૌથી લાંબા ૧૧૯ કિમીના ડેડીકેટેડ BRTS કોરીડોર મારફત વિવિધ ૧૩ રૂટ પર ૩૮૫ BRTS બસ કાર્યરત છે તથા વિવિધ ૪૫ સીટી બસ રૂટ પર ૪૪૦ બસનું સંચાલન કરવામાં આવે છે અને હાલમાં કુલ-૪૧૮ કિમીના રૂટ ઉપર સીટી બસ સેવા કાર્યરત છે. દૈનિક ધોરણે આશરે ૨ લાખથી વધુ મુસાફરો ધ્વારા સદર સેવાનો લાભ લેવામાં આવી રહેલ છે.

સુરત પોલીસ કમિશ્નરશ્રીના જાહેરનામાં ક્રમાંક ટ્રાફિક/ડૉ.આંબેડકર જન્મ જયંતિ/ભારે વાહન પ્રતિબંધ/જાહેરનામું/૧૦૯૩/૨૦૨૬, તા.૧૧/૦૪/૨૦૨૬ મુજબ સુરત શહેર ખાતે આગામી તા.૧૪/૦૪/૨૦૨૬ ના રોજ ડૉ.આંબેડકર જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવનાર છે. ડૉ.આંબેડકર જન્મ જયંતી નિમીત્તે સુરત શહેરના અલગ-અલગ વિસ્તારોમાંથી લોકો મોટી સંખ્યામાં રેલી સ્વરૂપે નિકળી માનદરવાજા ખાતે ડૉ.આંબેડકરની પ્રતિમા સુધી આવી જાહેર સભામાં ફેરવાશે. હાલ માનદરવાજા રીંગ રોડ પર મેટ્રો ટ્રેનનું કામ ચાલુ હોવાથી ટ્રાફિકનું ભારણ વધારે રહેતુ હોય તેમજ સુરત શહેરની તમામ રેલી માનદરવાજા ખાતે ડૉ.આંબેડકરની પ્રતિમા ખાતે પધારનાર હોય જેથી તે વખતે માનદરવાજા સુધી આવતા ભારે વાહનોની અવર-જવર તથા પાર્કીંગ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં નહીં આવે તો ટ્રાફિકની સમસ્યા ઉભી થાય તેમ છે. જેથી ટ્રાફિક નિયમન જળવાઈ રહે તે સારૂ માનદરવાજા ખાતે આવતા ભારે વાહનોને ડાયવર્ઝન કરવાની જરૂરીયાત જણાતી હોય ફાલસાવાડી રીંગરોડ ઓવરબ્રિજ ચઢતા, તેમજ સરદાર માર્કેટ અવધ ટેક્ષટાઈલ માર્કેટ ઓવરબ્રિજ થઈ ઉધના દરવાજા સુધી, તેમજ મજુરાગેટ ઓવરબ્રિજથી માનદરવાજા રીંગ રોડ થઈ સહારા દરવાજા તેમજ સરદાર માર્કેટ સુધી સુધી તા.૧૪/૦૪/૨૦૨૬ નાં રોજ સવારે ક.૦૬/૦૦ વાગ્યે થી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી ભારે વાહનોની અવર-જવર પર તેમજ વાહનો પાર્કીંગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

સદર જાહેરનામાંને ધ્યાને લેતા રીંગરોડ પરથી પસાર થતા તમામ સીટી તથા BRTS રૂટોમાં નીચે મુજબના ફેરફાર કરવામાં આવેલ છે. આ તમામ રૂટોમાં જરૂરી અમલીકરણ સવારના ૦૬:૦૦ કલાકેથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યા સુધી અને ત્યાર બાદ ટ્રાફિક પોલીસ વિભાગની સુચના મળ્યેથી સદર રૂટો રાબેતા મુજબ શરુ કરવામાં આવશે. જેની શહેરીજનોએ ખાસ નોંધ લેવી.

| Sr. No. | Route no. | Type | Route name | Remarks |
|---|---|---|---|---|
| 1 | 01 & 02 | City | ADAJAN G.S.R.T.C. LOOP (CLOCK & ANTI-CLOCKWISE) | Close |
| 2 | 11 | BRT | UDHANA-SACHIN G.I.D.C | Till Kharwar nagar |
| 3 | 19 | BRT | RAILWAY STATION-KADODARA | Via old bombay market to new bombay market |
| 4 | 20 | BRT | KHARWAR NAGAR-KOSAD | Till Railway station |
| 5 | 21 | BRT | JAHANGIRPURA COMMUNITY HALL - ALTHAN TERMINAL | Via old bombay market to new bombay market |
| 6 | 23 | BRT | KAMREJ TERMINAL - SACHIN RAILWAY STATION | Via Sarthana nature park to kharwar nagar |
| 7 | 104 | City | RAILWAY STATION TERMINAL - SANIYA KANDE | Close |
| 8 | 105 | City | RAILWAY STATION-CHIKUWADI | Close |
| 9 | 106 | City | RAILWAY STATION TO ABHVA GAAM | Via Chandra shekar azad beridge to athwagate |
| 10 | 116 | City | RAILWAY STATION TO KHAJOD GAM | Close |
| 11 | 117 | City | RAILWAY STATION-SUMAN JYOT EWS | Via Chandra shekar azad beridge to anand mahal road |
| 12 | 126 | City | RAILWAY STATION TO V.N.S.G. UNIVERSITY | Close |
| 13 | 136 | City | RAILWAY STATION TO AIRPORT | Via Chandra shekar azad bridge to athwagate |
| 14 | 146 | City | RAILWAY STATION TERMINAL - GAIL INDIA LTD VIP | Close |
| 15 | 153 | City | UMRA GAAM TO KAPODRA | Close |
| 16 | 254 | City | KATARGAM-LIMBAYAT | Close |
| 17 | 209 | City | DR SP MUKHER BR-VRUKSHLAXMI SOC | Close |
| 18 | 204 | City | CHOWK-RAJ EMPIRE GODADARA | Close |
| 19 | 302 | City | Kharwarnagar to Dabholi | Close |

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર**
**સમાચાર યાદી નં. .........................**
**તા.૧૩/૦૪/૨૦૨૬**